## વાલિયામાં 5 વર્ષીય બાળકી સાથે દુષ્કર્મ કરનારને જાહેરમાં ફાંસી આપવા માંગ

**ચોકલેટની** લાલચ આપી જઘન્ય અપરાધ કરનાર રાજુ ગામીત સામે ગ્રામજનોમાં ભારે રોષ

ભરૂચ: વાલિયાના એક ગામમાં 5 વર્ષીય માસૂમ બાળકી ઉપર દુષ્કર્મ ગુજારવાની હચમચાવી મૂકનારી ઘટના સામે આવ્યા બાદ સામાજિક આગેવાનોએ પીડિત બાળકીના પરિવારની રૂબરૂ મુલાકાત કરી હતી. પ્રાપ્ત વિગતો અનુસાર વાલિયા તાલુકાના એક ગામમાં 5 વર્ષીય બાળકીને ચોકલેટ અને પડીકા અપાવવાની લાલચ આપી ગામની સીમમાં લઈ જઈ એક નરાધમે તેના પર બળાત્કાર ગુજાર્યો હતો. આ ઘટનાને પગલે વાલિયા પોલીસે સત્વરે કાર્યવાહી કરતાં ગણતરીના કલાકોમાં જ નરાધમ આરોપી રાજુ ગામીતને ઝડપી પાડ્યો હતો. પોલીસે આરોપીને સાથે રાખી ગુનાનું રિકન્સ્ટ્રક્શન કરી વધુ સઘન તપાસ હાથ ધરી છે. આ ગંભીર ઘટનાના પ્રત્યાઘાતરૂપે શનિવારે યુવા આગેવાન રજની વસાવા, જગદીશ વસાવા, વિનય વસાવા, વિજય વસાવા, ચંપકલાલ વસાવા, ભમાડિયા ગામના અજય વસાવા, નર્મદાબેન પટેલ અને જેસંગભાઈ સહિતના અનેક આગેવાનોએ પીડિત પરિવારની મુલાકાત લઈ સાંત્વના પાઠવી હતી. આગેવાનો તેમજ સમગ્ર ગ્રામજનોએ આ અમાનવીય ઘટનાને સખત શબ્દોમાં વખોડી કાઢી છે. લોકોમાં આરોપી પ્રત્યે ભારે રોષ જોવા મળી રહ્યો છે અને આરોપી રાજુ ગામીતનું જાહેરમાં સરઘસ કાઢી તેને કડકમાં કડક એટલે કે જાહેરમાં ફાંસીની સજા આપવામાં આવે તેવી ઉગ્ર માંગણી કરવામાં આવી છે.



## ધામડોદ લુંભામાં 'પાણી નિકાલ નહીં તો વોટ નહીં'ના નારા લાગ્યા

**નગરને** અડીને આવેલી સોસાયટીઓમાં પણ ચોમાસામાં પાણીનો ભરાવો થતાં વિરોધ

બારડોલી: બારડોલી નગર બાદ વરસાદી પાણીના નિકાલનો મુદ્દો બારડોલીને અડીને આવેલા ગ્રામ્ય વિસ્તારમાં પણ ઊઠ્યો છે. ધામડોદ લુંભા ગામની સોસાયટીઓ દ્વારા ચૂંટણીનો બહિષ્કાર કરવાની ચીમકી આપવામાં આવી છે. દર વર્ષે ધામડોદ લુંભાના કડોદ રોડ પર આવેલી સોસાયટીઓમાં પાણી ભરાઈ જતાં લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. વર્ષો જૂની સમસ્યાનું કોઈ નિરાકરણ નહીં આવતાં હવે તેમણે પણ તાલુકા અને જિલ્લા પંચાયતની ચૂંટણીમાં મતદાન ન કરવાનો નિર્ણય લેતાં રાજકીય પક્ષોમાં દોડધામ મચી ગઈ છે.

બારડોલી નગરપાલિકા વિસ્તારમાં વોર્ડ નં.3ના કેટલાક વિસ્તારોમાં ચોમાસામાં વરસાદી પાણી ભરાઈ જવાને કારણે લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ઉમેદવારોને પ્રચાર કરતાં પણ અટકાવવામાં આવી રહ્યા છે. જેની અસર બારડોલીને અડીને આવેલા ધામડોદ લુંભા ગામની સોસાયટીમાં પણ જોવા મળી રહી છે. અહીં આવેલી શિવશક્તિ, મણિનગર, માન સરોવર સોસાયટીના લોકોએ 'પાણીનો નિકાલ નહીં તો વોટની આશા નહીં'નાં બેનર સાથે ચૂંટણીનો બહિષ્કાર કરવાની ચીમકી ઉચ્ચારી છે. સ્થાનિકોનું કહેવું છે કે, વર્ષોથી રજૂઆત કરવા છતાં અમારી સોસાયટીના ઘરમાં દર ચોમાસે ભરાતા વરસાદી પાણીનો આજદિન સુધી કોઈ ઉકેલ આવ્યો નથી. ગંદકી અને રોગચાળા વચ્ચે જીવવા મજબૂર બન્યા છે. તેમણે બેનરમાં જણાવ્યું છે કે, 'સાવધાન અહીં કોઈપણ રાજકીય પક્ષોએ પ્રવેશ કરવો નહીં. કારણ કે, સોસાયટીમાં પાણી છે અને આપશ્રી પાણીમાં ડૂબી જશો' એમ જણાવી જ્યાં સુધી સમસ્યાનો નિકાલ નહીં આવે ત્યાં સુધી મતદાનનો ત્યાગ કરવાની ચીમકી ઉચ્ચારી છે. લોકોનો થઈ રહેલા ભારે વિરોધને પગલે રાજકીય પાર્ટીઓમાં પણ દોડધામ મચી ગઈ છે.

## દહેજની GFL કંપનીના વેર હાઉસમાં 3.16 કરોડની ચોરીનો ભેદ ઉકેલાયો

**પંજાબ** અને રાજસ્થાનની ચીખલીગર ગેંગના 6 આરોપીને ઝડપી પાડી 3.21 કરોડનો મુદ્દામાલ જપ્ત કરાયો

**બ્રેઝા કાર**, બાઈક અને કીમતી સ્પેરપાર્ટ્સ સાથે ઝડપાયેલી ટોળકીનો એક સાગરિત હજુ વોન્ટેડ



ભરૂચ: દહેજ જીઆઈડીસી વિસ્તારમાં આવેલી ગુજરાત ફ્લોરો કેમિકલ લિમિટેડ (GFL) કંપનીમાં થયેલી 3.16 કરોડ રૂપિયાની મોટી ઘરફોડ ચોરીનો ભેદ દહેજ પોલીસે ગણતરીના કલાકોમાં ઉકેલી નાંખ્યો છે. પોલીસે 6 આરોપીને ઝડપી પાડી 3.21 કરોડનો મુદ્દામાલ કબજે કર્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર અટાલી ગામની સીમમાં આવેલા વી-લોજિસ્ટિક્સના વેરહાઉસમાં કંપનીના નવા પ્લાન્ટનું કીમતી મટિરિયલ રાખવામાં આવ્યું હતું. 15 અને 16 એપ્રિલની રાત્રિ દરમિયાન તસ્કરોએ પાછળનો દરવાજો તોડી અંદર પ્રવેશ કર્યો હતો અને મિકેનિકલ સીલ, ઇન્ડસ્ટ્રિયલ વાલ્વ તથા અન્ય સ્પેર પાર્ટ્સ મળી કુલ આશરે રૂ.3,16,83,000ના સમાનની ચોરી કરી હતી. પોલીસે સીસીટીવી ફૂટેજ અને બાતમીના આધારે રહીયાદ ચોકડી નજીક વોચ ગોઠવી એક શંકાસ્પદ બ્રેઝા કારને રોકી તેમાં સવાર ઈસમો પાસેથી ચોરીના મિકેનિકલ સીલ જપ્ત કર્યાં હતાં. તેમની પૂછપરછના આધારે રહીયાદ ચોકડી નજીકની એક દુકાનમાંથી બાકીનો મુદ્દામાલ તથા અન્ય આરોપીઓને પણ ઝડપી લેવામાં આવ્યા હતા. પકડાયેલા આરોપીઓમાં વિશાલદીપસીંગ સિંધ, ગુરુસેવકસીંગ ગીલ, હરવિન્દ્રસિંઘ જાટ, રાજદીપસીંગ જાટ, ભગીરથ ગુર્જર અને જયદેવ પટેલનો સમાવેશ થાય છે. જ્યારે બાલવિંદરસીંગ જાટને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે. આ ટોળકી પાસેથી ચોરાયેલો સામાન, અગાઉ ચોરાયેલું એક ટીવીએસ બાઈક અને મોબાઈલ ફોન મળી કુલ 3,21,68,000 રૂપિયાનો મુદ્દામાલ કબજે કરાયો છે. આ કામગીરી થકી દહેજ પોલીસ મથકમાં નોંધાયેલા અન્ય 3 ચોરીના ગુનાઓના ભેદ પણ ઉકેલાયા છે.

## સંક્ષિપ્ત સમાચાર

### અંકલેશ્વરમાં આંબેડકર જયંતી વિશે અભદ્ર પોસ્ટ કરનાર સામે ફરિયાદ

અંકલેશ્વર: અંકલેશ્વરમાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ડો.બાબા સાહેબ આંબેડકર અંગે અપમાનજનક અને અભદ્ર લખાણ પોસ્ટ કરવાના મામલે એક યુવાન વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાઈછે. અંકલેશ્વરના રામકુંડ રોડ પર રહેતા અને ભરૂચની હાઉસિંગ ફાઇનાન્સ કંપનીમાં રિલેશનશીપ મેનેજર તરીકે ફરજ બજાવતા 35 વર્ષીય રવિન્દ્રકુમાર ઠાકોરભાઈ ચૌહાણે આ મામલે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ અનુસાર તેઓએ એક વોટ્સએપ ગ્રુપમાં મુકાયેલી પોસ્ટ જોઈ હતી, જેમાં 'અભી_પરશુવંશી_ટીમ_2299' નામની ઇન્સ્ટાગ્રામ આઈડી પરથી આંબેડકર જયંતી અંગે હિન્દી ભાષામાં અત્યંત વાંધાજનક લખાણ શેર કરવામાં આવ્યું હતું. આ પોસ્ટ દ્વારા અનુસૂચિત જાતિના સમાજ અને ડો.બાબા સાહેબ આંબેડકરમાં શ્રદ્ધા ધરાવતા લોકોની લાગણી દુભાઈ હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ પ્રકારના લખાણથી અનુસૂચિત જાતિના સમાજ તેમજ ડો.બાબાસાહેબ આંબેડકરને માનનારા લોકોની લાગણી દુભાઈ છે તેમજ જુદી-જુદી જાતિઓ વચ્ચે દ્વેષ અને દુશ્મનાવટ ફેલાવવાનો પ્રયાસ કરી જાહેર સુલેહ-શાંતિ ભંગ કરવાનો પ્રયાસ થયો હોવાનું ફરિયાદીએ જણાવ્યું છે. પોસ્ટ કરનાર શખ્સ અભિષેક પંડિત હોવાનું બહાર આવતાં પોલીસે તેના વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### મોપેડ પર દારૂની ખેપ મારતા એક ઝડપાયો



સાગબારા: સાગબારામાં ચૂંટણીના માહોલ વચ્ચે નર્મદા LCB પોલીસની સતર્કતાથી વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપાયો હતો. મહારાષ્ટ્ર સરહદે આવેલા ખડકાપાણીથી નંબર પ્લેટ વગરની મોપેડ પર દારૂ લઈ જઈ રહેલા બુટલેગર નરેશ વસાવાને ગોડદા ગામના ત્રણ રસ્તા પાસે નાકાબંધી દરમિયાન પકડી પાડવામાં આવ્યો હતો. પોલીસે દારૂના જથ્થા સહિત મોપેડ અને અન્ય સામાન મળી કુલ રૂ.1,47,456નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ગુજરાત-મહારાષ્ટ્ર બોર્ડર પર કડક પેટ્રોલિંગ દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે આ સફળ કાર્યવાહી હાથ ધરાઈ છે. હાલમાં આરોપી વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરાઈ છે.

### બાલંબા ગ્રામ પંચાયત વિસ્તારમાં પાણીનાં ફાંફાં



કુકરમુંડા: કુકરમુંડા તાલુકાના બાલંબા ગ્રુપ ગ્રામપંચાયત હેઠળ આવેલા જૂના આમોદા ગામની સીમમાં આવેલા સ્મશાનમાં હેન્ડ પમ્પ સુકાઈ જતાં સ્થાનિકોમાં ચિંતા જોવા મળી રહી છે. જૂના આમોદા ગામની સીમમાં આવેલ સ્મશાનમાં આવેલા હેન્ડ પમ્પમાંથી છેલ્લા કેટલાક સમયથી પાણી આવતું નથી. પમ્પના પાઈપ ખરાબ થઈ જવાને કારણે હેન્ડ પમ્પ સંપૂર્ણપણે બેકાર બની ગયો છે, જેના કારણે સ્મશાનમાં આવનાર લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ખાસ કરીને ઉનાળાની ગરમીમાં આજુબાજુના ખેતરના મજૂરો તેમજ સ્મશાન યાત્રામાં આવતા લોકોને પાણી માટે ભટકવું પડે છે. પાણી જેવી મૂળભૂત સુવિધાના અભાવે લોકોમાં અસંતોષ ફેલાયો છે. આ બાબતે તાલુકા વિકાસ અધિકારી સતીષભાઈએ જણાવ્યું હતું કે, હું આ બાબતે તલાટી કમ મંત્રીને જાણ કરી દઉં છું અને મારા હેઠળથી જે કાંઈ થઈ શકતું હોય એ હું કરાવી દઈશ.

### અંકલેશ્વરના મોટા કુંભારવાડમાં તસ્કરોનો આતંક: 1.65 લાખની ચોરી



સુરેશ ગાંધી

અંકલેશ્વર: અંકલેશ્વર શહેરના મુલ્લાવાડ પાસે આવેલા મોટા કુંભારવાડ વિસ્તારમાં તસ્કરોએ એક બંધ મકાનને નિશાન બનાવી રૂ.1.65 લાખની મત્તાની ચોરી કરી છે. રહેવાસી જુલ્ફીકાર બાલા ગત રાત્રે પરિવાર સાથે ઉપરના માળે સૂતા હતા, ત્યારે તસ્કરોએ નીચેના માળનું તાળું તોડી પ્રવેશ કર્યો હતો. તસ્કરોએ ત્રણ તિજોરી ફંફોસી રૂ.1.50 લાખ રોકડા અને રૂ.15 હજારની ઘડિયાળોની ચોરી કરી હતી. એ-ડિવિઝન પોલીસે સીસીટીવીમાં દેખાતા બે શંકાસ્પદ શખ્સના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

## વલણ ગામમાં સ્ક્રેપ ગોડાઉનમાં ભીષણ આગ, લાખોનું નુકસાન



**ધુમાડાના** ગોટેગોટા આસપાસના વિસ્તારમાં ફેલાતાં લોકોમાં ભય

**આગમાં** મોટા પ્રમાણમાં સ્ક્રેપનો સામાન બળીને ખાખ

ભરૂચ: પાલેજ નજીકના વલણ ગામમાં એક સ્ક્રેપના ગોડાઉનમાં શનિવારે બપોરે અચાનક ભીષણ આગ ભભૂકી ઊઠતાં સમગ્ર વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. આગના ભડકા આકાશમાં ઊંચે દેખાતા હતા, જ્યારે ધુમાડાના ગોટેગોટા આસપાસના વિસ્તારમાં ફેલાઈ જતાં લોકોમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો.

ઘટનાની જાણ થતાં તરત જ કરજણથી બે ફાયર ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. ફાયરકર્મીઓએ કાપલી મશીનો અને પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો. આગમાં મોટા પ્રમાણમાં સ્ક્રેપનો સામાન બળીને ખાખ થઈ ગયો છે. જો કે, ચોક્કસ નુકસાનીનો અંદાજ હજુ લાગી શક્યો નથી.

સ્થાનિક લોકોએ જણાવ્યું કે, આગની ઘટના એટલી ભયાનક હતી કે તરત જ આસપાસના વિસ્તારમાં દોડાદોડી મચી ગઈ હતી. ઘટના સ્થળે મોટી સંખ્યામાં લોકટોળું એકઠું થઈ ગયું હતું. સદનસીબે આ અગ્નિકાંડમાં કોઈ જાનહાનિ થઈ નથી. પોલીસે વધુ તપાસ શરૂ કરી છે અને આગ લાગવાનાં કારણો જાણવા પ્રયત્નો હાથ ધર્યા છે.

## લોકશાહીનું હનન? કોસંબા સીટ પર ફોર્મ પરત ખેંચાતાં કોંગ્રેસનાં ધરણા



ઈબ્રાહીમ કાનુ

**કોસંબા** સહિત માંગરોળના કોંગ્રેસીઓએ મામલતદાર કચેરી સામે ધરણા કરી નારાજગી દર્શાવી

હથોડા: સુરત જિલ્લા પંચાયતની કોસંબા બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર સહિત અન્ય કાર્યકરોએ રહસ્યમય સંજોગોમાં ફોર્મ પરત ખેંચી લેતાં રાજકારણ ગરમાયું છે. ચૂંટણી પ્રક્રિયાની શરૂઆતથી જ વહીવટી તંત્ર અને પોલીસની કામગીરી પક્ષપાતી હોવાના આક્ષેપ સાથે શનિવારે કોસંબા અને માંગરોળ તાલુકાના કોંગ્રેસી કાર્યકરોએ મામલતદાર કચેરી સામે હલ્લાબોલ કરી ધરણા પ્રદર્શન કર્યું હતું.

મોટી સંખ્યામાં કોંગ્રેસી કાર્યકરો ધરણા પર બેસી જતા પરિસ્થિતિને જોતાં તંત્ર હરકતમાં આવ્યું હતું. કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે તાત્કાલિક પોલીસનો મોટો કાફલો ખડકી દેવામાં આવ્યો હતો. આશ્ચર્યની વાત એ છે કે, કાર્યકરો સતત ત્રણ કલાક સુધી મૌન ધરણા પર બેસી રહ્યા હોવા છતાં કોઈ પણ સરકારી અધિકારીએ તેમની રજૂઆત સાંભળવાની તસ્દી સુદ્ધા લીધી ન હતી. ઘટનાની ગંભીરતાને જોતા સુરત જિલ્લા કોંગ્રેસ પ્રમુખ આનંદભાઈ ચૌધરી સ્થળ પર દોડી આવ્યા હતા. તેમણે અધિકારીઓની એકપક્ષીય કામગીરી સામે ભારે રોષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, હાલમાં આ બહેરા-મૂંગા અધિકારીઓ સામે ધરણા કરવા નિરર્થક છે. કારણ કે, તેઓ સત્તાના નશામાં છે. તેમણે વધુમાં ચીમકી આપતા કહ્યું કે, સરકારી બાબુઓ એ ન ભૂલે કે સત્તા કાયમી નથી. જ્યારે કોંગ્રેસની સરકાર આવશે ત્યારે આજની પક્ષપાતી કામગીરીનો વ્યાજ સહિત હિસાબ લેવામાં આવશે. જિલ્લા પ્રમુખની મધ્યસ્થતા અને સમજાવટ બાદ આખરે ધરણાનો કાર્યક્રમ મુલતવી રાખવામાં આવ્યો હતો. જો કે, ચૂંટણી પૂર્વે જ બનેલી આ ઘટનાએ સમગ્ર પંથકમાં વહીવટી પારદર્શિતા સામે અનેક સવાલો ઊભા કર્યા છે.

## અંકલેશ્વરના સારંગપુર પાસે યુવાનની હત્યાનો ભેદ ઉકેલાયો: બે ઝડપાયા

અંકલેશ્વર: અંકલેશ્વરના સારંગપુર ગામ નજીક લક્ષ્મણનગર વિસ્તારમાં થયેલી 43 વર્ષીય આધેડની નિર્મમ હત્યાનો ભેદ પોલીસે ગણતરીના કલાકોમાં ઉકેલી નાંખ્યો છે. પ્રાપ્ત વિગત અનુસાર જીતાલી ગામની સિલ્વરસિટી સોસાયટીમાં રહેતા અને મૂળ ઉત્તરપ્રદેશના વતની મુન્ના લક્ષ્મણ પાલનો મૃતદેહ અંજનીધારા સોસાયટી પાસે બાવળની ઝાડીઓમાંથી ગળાના ભાગે તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકાયેલી હાલતમાં મળી આવ્યો હતો. પોલીસની તપાસમાં ચોંકાવનારો ખુલાસો થયો હતો કે મૃતક મુન્ના પાલના એક મહિલા સાથે અનૈતિક સંબંધો હતા, જે બાબત મહિલાના પરિવારજનોને મંજૂર ન હતી. આ અદાવતમાં મહિલાના જમાઈ ભોલુ મંડલ અને એક સગીર વયના પુત્રએ મળીને હત્યાની યોજના ઘડી હતી અને મુન્ના પાલને મોતને ઘાટ ઉતારી દીધો હતો. પોલીસે ટેક્નિકલ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે મુખ્ય આરોપી ભોલુ મંડલને દબોચી લીધો છે, જ્યારે સગીર આરોપીને જુવેનાઈલ જસ્ટિસ બોર્ડ સમક્ષ રજૂ કરવામાં આવ્યો છે. જીઆઈડીસી પોલીસે હત્યાના આ કેસમાં વધુ પુરાવા એકત્ર કરવાની કાર્યવાહી શરૂ કરી છે.

## વેજલપુરમાં મોડી રાત્રે અજાણ્યા શખ્સોએ પાંચ વાહનો સળગાવ્યાં

**ચૂંટણીના** સંવેદનશીલ માહોલ વચ્ચે 4 બાઈક અને 1 રિક્ષા આગમાં બળીને ખાખ



ભરૂચ: રાજ્યમાં ચાલી રહેલા ચૂંટણીના સંવેદનશીલ માહોલ વચ્ચે ભરૂચ શહેરના વેજલપુર વિસ્તારમાં મોડી રાત્રે અજાણ્યા શખ્સોએ પાર્ક કરેલાં વાહનોને આગ ચાંપી દેતાં સ્થાનિકોમાં ભય અને ચિંતાનો માહોલ ફેલાઈ ગયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર રાત્રે આશરે 1:45થી 2:00 વાગ્યાના સમયગાળા દરમિયાન વેજલપુરના ગામડિયાવાડ અને વાણિયાવાડ વિસ્તારના રહેણાક વિસ્તારોમાં પાર્ક કરેલાં વાહનોને અસામાજિક તત્ત્વોએ નિશાન બનાવ્યાં હતાં. આ ઘટનામાં 4 બાઈક અને 1 રિક્ષા આગની ઝપેટમાં આવી સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગયાં હતાં. વાહનોમાં આગ લાગતાં જ વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો અને સ્થાનિક લોકો ઊંઘમાંથી જાગીને તાત્કાલિક બહાર દોડી આવ્યા હતા. રહીશોએ આગ બુઝાવવાનો ભારે પ્રયાસ કર્યો હતો, પરંતુ ત્યાં સુધીમાં વાહનોને વ્યાપક નુકસાન પહોંચી ગયું હતું. ચૂંટણીના સમયગાળામાં બનેલી આ ઘટના પાછળ કોઈ ગેંગનો હાથ છે કે પછી શાંતિ ભંગ કરવાનો પ્રયાસ છે તે અંગે અનેક તર્કવિતર્ક ઊભા થયા છે. સ્થાનિક નાગરિકોએ પોલીસ તંત્ર સમક્ષ સીસીટીવી ફૂટેજના આધારે તાત્કાલિક તપાસ આગળ વધારી આરોપીઓને ઝડપથી પકડી કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે. પોલીસે આ ઘટનાને ગંભીરતાથી લઈને તપાસ હાથ ધરી છે અને નાગરિકોને પોતાનાં વાહનોની સુરક્ષા માટે વધુ સાવચેત રહેવા અપીલ કરી છે.

## બારડોલી સુગરના શેરના ભાવમાં 50 ટકાનો મોટો કડાકો

**ખેતીલાયક** જમીન ઘટતાં સુગર ફેક્ટરીઓના ગૌરવશાળી ઈતિહાસ પર ગ્રહણ લાગ્યું

**વિદેશ** સ્થાયી થતા ખેડૂતોએ શેર વેચતાં બજારમાં ખરીદનારની ભારે અછત

બારડોલી: એક સમય એવો હતો જ્યારે દક્ષિણ ગુજરાતની સુગર ફેક્ટરીનો શેર હોવો તે ખેડૂતો માટે પ્રતિષ્ઠા અને મોભાનો વિષય ગણાતો હતો, જેમાં એશિયાની સૌથી મોટી સહકારી ક્ષેત્રની બારડોલી સુગર મિલના શેર ખરીદવા માટે ખેડૂતો હંમેશાં ઉત્સુક રહેતા હતા. આ મિલના 500 રૂપિયાના મૂળ શેરની બજાર કિંમત ભૂતકાળમાં 15થી 17 લાખ રૂપિયા સુધીના આસમાની શિખરને સ્પર્શી હતી. જો કે, વર્તમાન સમયમાં આ ગૌરવશાળી ઈતિહાસ પર ગ્રહણ લાગ્યું હોય તેમ શેરના ભાવમાં મોટો કડાકો જોવા મળ્યો છે. હાલમાં આ શેરના ભાવ ઘટીને અડધા એટલે કે માંડ 7.50 લાખ રૂપિયા જેટલા થઈ ગયા છે. દક્ષિણ ગુજરાતની અન્ય સુગર મિલોના શેરની કિંમતમાં મોટો ઘટાડો જોવા મળી રહ્યો છે.

આ આર્થિક પતનના મૂળમાં અનેક કારણો જવાબદાર હોવાનું જણાય છે. દક્ષિણ ગુજરાતમાં ઝડપથી ઘટી રહેલી ખેતીલાયક જમીન અને શેરડીના ઉત્પાદનમાં થયેલો નોંધપાત્ર ઘટાડો આ સ્થિતિ માટે પ્રાથમિક કારણ છે. ખેતી જ ઘટતા ઉત્પાદન પર સીધી નકારાત્મક અસર પડી છે. વધુમાં, સુગર ફેક્ટરીઓની નીતિઓ પણ આમાં નિમિત્ત બની છે. પુરવઠો મેળવવાની હોડમાં ફેક્ટરીઓ દ્વારા સભાસદ બન્યા વગર જ બિન-સભાસદો પાસેથી શેરડી ખરીદવામાં આવે છે. જ્યારે ખેડૂતોને શેર ખરીદ્યા વિના જ પોતાની શેરડી સુગર મિલમાં વેચવાની તક મળતી હોય, ત્યારે તેઓ શેર ખરીદવા પાછળ નાણાં ખર્ચવા કેમ તૈયાર થાય?

આ ઉપરાંત સામાજિક બદલાવ પણ આ શેરના ભાવ ઘટાડામાં કારણભૂત છે. ઘણા ખેડૂત પરિવારો સમૃદ્ધ થઈ વિદેશમાં સ્થાયી થયા છે, જેના પરિણામે તેઓ પોતાના શેર વેચી રહ્યા છે. જ્યારે બજારમાં વેચવાલાનું પ્રમાણ વધે અને ખરીદનાર કોઈ ન હોય ત્યારે સ્વાભાવિક રીતે જ ભાવમાં ઘટાડો થાય છે. આમ, સુગર ફેક્ટરીઓના શેરના ઘટેલા ભાવ માત્ર એક આર્થિક આંકડો નથી, પરંતુ તે સમગ્ર સહકારી સુગર મિલોની વર્તમાન પડતી દશા અને બદલાતા કૃષિ માળખાનું પ્રતિબિંબ પાડી રહ્યા છે. એક સમયે ખેડૂતોનું ગૌરવ ગણાતી આ સંસ્થાઓ આજે પોતાની પ્રતિષ્ઠા અને આર્થિક સ્થિરતા બચાવવા સંઘર્ષ કરી રહી છે.